## જન્મદિને વધામણી



શોભનાબા અર્જુનસિંહ વાઘેલા
ટ્રસ્ટી, પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, સેક્ટર-૩૦
મો. ૯૪૨૮૨ ૧૭૫૪૮



જ્યોતિન્દ્રભાઈ દવે
કાર્યકારી પ્રમુખ, ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ



કરણસિંહ બહાદુરસિંહ ગોહિલ

### હોળીના પર્વ પહેલાં માનવતાની ઉજવણી

# યુવાનોએ બાળકોના ચહેરા પર ખુશીઓના રંગ ખીલવ્યા





ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં રહેતા નવ યુવાનો દ્વારા અવાર નવાર સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે ત્યારે હોળી પર્વ નિમિત્તે યુવાનોએ ગોકુળપુરામાં રહેતા શ્રમજીવી બાળકોને નાસ્તાના પેકેટોનું વિતરણ કર્યું હતું. આ નાસ્તાના પેકેટોનો લાભ મોટા ભાગના શ્રમજીવી બાળકોએ લીધો હતો. તહેવારોના દિવસો દરમિયાન આ યુવાનો પોતાના પોકેટમનીમાંથી થોડા રૂપિયા બચાવીને સેવાકીય પ્રવૃત્તિઓ કરતા હોય છે. આ ઉપરાંત હંમેશા કંઈક નવું જ કરવામાં માનતા આ યુવાનો દર રવિવારે સેકટર-૧૯માં બાળકોને ઈતર પ્રવૃત્તિની સાથે સાથે સારા સંસ્કાર, જીવનમાં વાંચનનું મહત્વ, ભણવાથી થતા ફાયદા, ગુરુનું જીવનમાં મહત્વ સહિતની તમામ બાબતોનું જ્ઞાન આપી સારાં સસ્કારોનું સિંચન થાય તેવી પણ નિઃસ્વાર્થ સેવાકીય પ્રવૃત્તિઓ કરતા હોય છે. આ વર્ષે હોળી પર્વે નગરના પ્રદિપસિંહ વાઘેલા, વિજયસિંહ માજીરાણા, મહેન્દ્ર સોનારા, પૃથક ઠકકર સહિતના યુવાનોએ નાસ્તાના પેકેટનું વિતરણ કરવામાં પોતાનું યોગદાન આપ્યું હતું.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૨**
કપૂર ઍન્ડ સન્સ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
કપૂર ઍન્ડ સન્સ
૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
છોટા ભીમ (હિમાલયન ઍડવેન્ચર)
સવારે ૧૦.૦૦
તેરા સુરૂર
રાત્રે ૧૦.૦૦
નીરજા
૭.૧૫
ડૅર યુ
૧.૧૫
ચોરના ભાઈ ઘંટીચોર (ગુજરાતી)
૪.૧૫

**સ્ક્રીન-૫**
કપૂર ઍન્ડ સન્સ
સવારે ૧૦.૦૦
તેરા સુરૂર
૧.૦૦
જય ગંગાજલ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

# ગુજરાત સ્ટેટ બાળ અને યુવા આર્ટ સ્પર્ધામાં જે બી પ્રાથમિક શાળાને આઠ ગોલ્ડ મૅડલ

ગાંધીનગર, તા. ૨૧

સંસ્કૃતિ આર્ટ ફાઉન્ડેશન, પાલનપુર દ્વારા ગુજરાત સ્ટેટ બાળ અને યુવા આર્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના ૨૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને મૅડલ તથા પ્રમાણપત્ર પ્રાપ્ત કરી શાળા ઉપરાંત ગાંધીનગરનું ગૌરવ વધાર્યું હતું.

સ્પર્ધામાં બાલ કલા રત્ન ઍવોર્ડ (ગોલ્ડ મૅડલ) જીલ પટેલને બાલ કલા ગરિમા ઍવોર્ડ (ગોલ્ડ મૅડલ) મિતરાજ પટેલ, આદિત્ય પટેલ, વણઝાર મહેતા, દેવલ પટેલ, આર્યન પ્રજાપતિ, પ્રતિક પટેલ, દર્શિલ ગોસાઈને, બેસ્ટ કલા શિક્ષક ઍવોર્ડ (ગોલ્ડ મૅડલ) જયકુમાર પંડિતને, કલા ચંદ્ર ઍવોર્ડ (સિલ્વર મૅડલ) દિવ્ય પટેલ, ઈરસાદ સૈયદ, યશપાલ ડાભી, કનુ ઠાકોર, અક્ષ પટેલ, તેજસ નિસરતા તથા જયકુમાર પંચાલને પ્રાપ્ત થયો હતો.

આ તમામ બાળ કલાકારો તથા તેમના માર્ગદર્શક શિક્ષક જયકુમાર પંડિતને શાળાનાં આચાર્યા નીવાબેન પટેલ તથા શાળા પરિવારે શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.





સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬ બી ખાતે બેટી બચાવો અભિયાન અંતર્ગત વક્તૃત્ત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શાળાના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો અને શહેરના અગ્રણી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ આ પ્રસંગે બેટી બચાવો અભિયાનને આગળ ધપાવવાની પ્રતિજ્ઞા લીધી હતી.

### ઍસ જી પ્રાથમિક શાળાના

# ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

ઍસ જી ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલના ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ આજે શાળાના પ્રાર્થના હૉલમાં વિવિધ પ્રવૃત્તિઓ સાથે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના ધોરણ-૮ એ, બી, સી, ડી, ઈ વિભાગના વિદ્યાર્થીઓએ અભિનય ગીત તથા શિક્ષક ગીત અને પોતાના શાળા કાળના અનુભવો અભિવ્યક્ત કર્યા હતા.

વિદ્યાર્થીઓ દ્વારા 'દિલ હે છોટા સા, છોટી સી આશા...' ગીત સુંદર રીતે અભિવ્યક્ત કરવામાં આવ્યું હતું. ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા, જેમણે સમગ્ર કાર્યક્રમમાં સુંદર સહકાર આપી પોતાના અનુભવો તથા શિક્ષકો સાથેના યાદગાર પ્રસંગોને પોતાનાં વિદાયવચનમાં રજૂ કર્યા હતા.

આ પ્રસંગે ધોરણ-૮ના વર્ગશિક્ષકોએ પણ પોતાનાં આ વિદ્યાર્થીઓ સાથેનાં સંસ્મરણોને વાગોળ્યાં હતાં. શાળાનું મહત્ત્વ અને શિક્ષકો પાસેથી મેળવેલું જ્ઞાન બાળકના જીવનમાં જે મહત્ત્વ ધારવે છે તેની પણ સુંદર રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે આચાર્યા દ્વારા પણ વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવવામાં આવ્યાં હતાં.

# લીઓ ક્લબ દ્વારા બાળકોને નમકીન વિતરણ

ગાંધીનગર, તા. ૨૧

હોળી એ માત્ર આર્થિક રીતે સંપન્ન પરિવારોનો તહેવાર ન બની રહે અને સમાજનો દરેક વર્ગ એનો આનંદ ઊઠાવી શકે એવી ભાવના લીઓ ક્લબ ગાંધીનગર દ્વારા સક્રિય રીતે વ્યક્ત કરવામાં આવી હતી.

ક્લબના પ્રમુખ સંકેત ગોરની આગેવાની હેઠળ મંત્રી વિવેકસિંહ ચૌહામ, નિખિલ સોની, કલ્પન ત્રિવેદી, મૌલિક ચૌધરી, મોહિત જયસિંઘાણી, વિન જયસિંઘાણી અને શ્રેણિક પ્રજાપતિએ સાથે મળીને ૪૦૦ પૅકેટ નમકીન તૈયાર કરાવ્યું અને શ્રમજીવી વિસ્તારનાં બાળકોને એનું વિતરણ પણ કર્યું. ગરીબ બાળકોના ચહેરા પરની ખુશી અને એમના પરિવારજનોનાં મનમાં હોળીના પર્વ નિમિત્તે આનંદના ભાગીદાર બનવા બદલ શ્રમજીવીઓએ આ યુવાનો પ્રતિ કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી હતી.







આશીર્વાદ ઍજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદની મૅડિકલ વિંગ દ્વારા સોમવારે વિનામૂલ્યે ઑર્થોપેડિક અને ડૅન્ટલ ચૅક-અપ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આ રોગના દર્દીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ કૅમ્પમાં હાડકાં અને સાંધાના દુખાવાથી પીડાતા દર્દીઓનું નિદાન સિનિયર ઑર્થોપેડિક સર્જન ડૉ. કિરણભાઈ સી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ દર્દીઓને કેલ્શિયમ માટેનો બીઍમડી ટેસ્ટ તથા ડાયાબિટીસ માટે આરબીઍસ વિનામૂલ્યે કરી આપવામાં આવ્યો હતો. દાંતના વિવિધ રોગો માટે ચૅક-અપની સેવાઓ સિનિયર તબીબ ડૉ. નિકિતાબેન શાહ દ્વારા આપવામાં આવી હતી.

# ડૅમોક્રેટિક પીપલ્સ ઍસોસિએશનની કારોબારી સમિતિની બેઠક મળી

### ૧૦મી એપ્રિલે ગાંધીનગર શહેરમાં 'જય ભીમ કૉમરેડ' ફિલ્મ દર્શાવવા નિર્ણય કરવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૧

ડૅમોક્રેટિક પીપલ્સ ઍસોસિએશનની કારોબારી સમિતિની માસિક બેઠક તાજેતરમાં ભાનુકાન્ત પી પરમારના અધ્યક્ષ સ્થાને મળી હતી, જેમાં ઝીણાભાઈ દરજી સમિતિના અહેવાલની નકલ માહિતી અધિકાર અન્વયે મહેસૂલ વિભાગમાંથી માગવામાં આવી હતી. પરંતુ પ્રસ્તુત અહેવાલની નકલ ઉપલબ્ધ નથી એવો જવાબ સરકાર તરફથી મળતાં સભ્યોએ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું અને આ બાબતે અપીલ કરવાનો નિર્ણય કર્યો હતો.

ત્યારબાદ ડૉ. બાબાસાહેબ આંબેડકરની સવાસોમી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે તેમના જન્મવૃત્તાંત પર તૈયાર થયેલ 'જય ભીમ કૉમરેડ' ફિલ્મ તા. ૧૦મી એપ્રિલે ગાંધીનગરમાં પ્રદર્શિત કરવાનું નિશ્ચિત કરવામાં આવ્યું.

'ડૉ. આંબેડકર ઍમીનન્ટ ઈકોનોમિસ્ટ અને સ્કૉલર પોલિટીશિયન' વિષયે ડૉ. નરેશચંદ્ર જાધવનું વક્તવ્ય ગોઠવવા બાબતે ડૉ. બાબાસાહેબ જન્મજયંતિ ઉજવણી સમિતિના ચૅરમૅન મંત્રી રમણલાલ વૉરાને વિનંતી કરવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો. સભાની વ્યવસ્થા નરસિંહભાઈ પરમારે કરી હતી, બેઠકના અંતે વિરચંદભાઈ દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું.

# દેખ્યાનો દેશ ભલે લઈ લીધો, નાથ ! પણ કલરવની દુનિયા અમારી !

દેખ્યાનો દેશ ભલે લઈ લીધો, નાથ !
પણ કલરવની દુનિયા અમારી !
વાટે રખડ્યાની મોજ છીનવી લીધી
ને તોય પગરવની દુનિયા અમારી !
કલબલતો થાય જ્યાં પહેલો તે પ્હોર
બંધ પોપચામાં રંગોની ભાત,
લોચનની સરહદથી છટકીને
રણઝણતું
રૂપ લઈ રસળે શી રાત !
લ્હેકાએ લ્હેકાએ મ્હોરતા
અવાજના
વૈભવની દુનિયા અમારી !
ફૂલોના રંગો રિસાઈ ગયા,
જાળવતી
નાતો આ સામટી સુગંધ !
સમા સમાના દઈ સંદેશા લ્હેરખી
અડક્યાનો સાચવે સંબંધ !
ટેરવાંને તાજી કૈં ફૂટી તે નજરુંના
અનુભવની દુનિયા અમારી !

-ભાનુપ્રસાદ પંડ્યા
(કાવ્યસંગ્રહ : અડોઅડ)




'સાર્થક જલસો' નામના નવેમ્બર, ૨૦૧૫ના મૅગેઝીનમાં આશિષ કક્કડે એક પ્રસંગ લખ્યો છે તે વાંચવા જેવો છે. 'ત્રીજી ડિસેમ્બરે વર્લ્ડ ડિસેબિલીટી ડેના ઉપક્રમે અંધજન મંડળ ખાતે સીઈંગ ઈન ડાર્કનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પ્લાન એ મુજબ હતો કે હોલમાં દાખલ થતાં ડાબી બાજુ સતત રેલિંગ હશે તેના પર ડાબો હાથ ટેકવવાનો. જમણો હાથ સામે રાખવાનો જેથી કોઈ અથડાય નહીં. ચાલવાના પાથ પર ખરબચડી ટાઈલ્સનો પટ્ટો હતો. પહેલાં ભગવાનનાં દર્શન કરવાનાં પછી એક ફિલ્મનો અંશ જોવાનો, છેલ્લે એક પ્લેટ નાસ્તો, સૉફ્ટ ડ્રિંક લી અને બહાર. આખી સફર ત્રીસ મિનિટની. અને એમાં જે અંધાધૂંધ સર્જાઈ...' આશિષ કક્ડ કહે છે, 'સંપૂર્ણ અંધકારમાં દર્શન, નાસ્તો, કોલ્ડ્રીંક... ધક્કામુક્કી થવા માંડી. અને એમાં કોલ્ડ્રીંક સાચવવું કે નાસ્તાની પ્લેટ પકડવી ? સૉસ કોઈની પર ઢોળાય નહીં તે ધ્યાન રાખવાનું... આ બધી ઝંઝટમાં શું ખાઉં છું કે શું પીવુ છું તે કંઈ સમજાયું નહીં. પણ હવે મારે બહાર નીકળવું હતું. અજવાળું જોવું હતું. અને જ્યારે બહાર નીકળ્યો ત્યારે હાશ થઈ પણ સામે એક આશ્ચર્યજનક દશ્ય હતું. બહાર કેટલાંયે પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ, બહેનો હસી-હસીને વાત કરી રહ્યાં હતાં. પોતાના અંધ હોવાનો કોઈ જ ભાર તેમના વર્તનમાં નહોતો. એમને એમની દષ્ટિનો અભાવ નથી નડતો. પણ આપણી સહૃદયતાનો અભાવ નડે છે.'

અને હવે આ જ વાત રજૂ કરતી આપણા કવિ શ્રી ભાનુપ્રસાદ પંડ્યાની આ કવિતા સાચુકલી લાગે છે. આપણી પાંચેય ઈન્દ્રિયોથી જે જોઈ શકતા નથી કે અનુભવી શકતા નથી તે માણવાની પ્રજ્ઞાચક્ષુઓમાં પોતાની આગવી દષ્ટિ છે. આંખ ભલે નથી પણ એમને નાક, કાન, સ્પર્શથી બધું અનુભવાય છે. પંખીઓનો કલરવ કે ફૂલોની સુગંધ કે પવનની લ્હેરખીઓનો કોમળ, ઠંડો સ્પર્શ વધારે તીવ્રતાથી માણે છે.

એટલે જ આંગળીનાં ટેરવાં એમની આંખો બની જાય છે અને વહેતા જળને, ફૂલોને કે વરસતા વરસાદને જોઈ શકે છે. અહીં દષ્ટિ ના હોવાનો સ્હેજ પણ રંજ નથી. પણ જે ઈન્દ્રિયો સાબૂત છે તેની શક્તિઓ વિકસાવીને આપણા કરતાંયે વધારે જોઈ શકતા હશે પ્રજ્ઞાચક્ષુઓ.

દેખતી આંખે આપણે કેટલાને અથડાઈએ છીએ, ખાડામાં પડીએ છીએ, અકસ્માતો કરીએ છીએ ! કોઈ દિવસે એવું સાંભળ્યું કે કોઈ પ્રજ્ઞાચક્ષુનો આપણને ધક્કો વાગ્યો અને આપણે પડી ગયા ?

આપણી નાનકડી શારીરિક તકલીફ કે પીડાને અનેકગણી રજૂ કરી દિવસો સુધી બીજાને સંભળાવ્યા કરીએ છીએ, પીડાને પંપાળ્યા કરી છીએ, સહાનુભૂતિ ઉઘરાવવા મંડી પડીએ છીએ અને કોઈ ભાવ ન આપે તો માઠું લગાડી સંભળાવી દેતાં વાર નથી લાગતી. આપણે જાણીએ છીએ કે જેઓ જન્મજાત શારીરિક ખામી ધરાવે છે તેઓ પોતાની નબળાઈને અવગણીને ઈંગ્લિશ ચૅનલ તરી જાય છે કે ઍવરેસ્ટનાં કપરાં ચઢાણ ચડે છે કે નૃત્યમાં પારંગત બને છે અને સાબૂત માણસોથી સવાયાં સાબિત થાય છે.

આંખોની જ વાત નીકળી છે ત્યારે આપણા કવિ શ્રી નિરંજન ભગતની કવિતા યાદ આવે છે, જેમાં એક અંધ વ્યક્તિ સ્વગત કહે છે...

મેં આ જગતની કેટલી કીર્તિ સુણી'તી સ્વર્ગમાં,
તે આવવાની લ્હાયમાં ને લ્હાયમાં -
હું કીકીઓ ભૂલી ગયો ત્યાં કલ્પદ્રુમની ઝાંયમાં !





સૌરાષ્ટ્ર-કચ્છ સમાજસેવાની મહિલા પાંખ દ્વારા સંસ્થાના મોભી જયભાઈ પટેલના સુપુત્ર સ્વ. ભાવિનના સ્મરણાર્થે આંગણવાડી બોરીજ અને આદિવાડાનાં બાળકોને ૨૦૦ જેટલી વૉટર બૉટલ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)